# અરવલ્લી ખાણ ખનીજ વિભાગના બે કર્મચારીઓ જ ખનીજ માફિયાઓને રક્ષણ આપતાં હોવાની બુમ

## ખાનગી કારમાં તોડ-પાણી કરનારા બે શખ્સ કોણ..?

અરવલ્લી જીલ્લામાં ખનીજ માફિયાઓ બેફામ બન્યા છે, જીલ્લામાં લાલ માટી, મોરમ, રેતી-કપચીનું મંજૂરી મેળવીને તે સિવાયના સ્થળે કે મંજુરીથી વધુ વિસ્તારોમા કે મંજુરી મેળવ્યા વગર જ ખનીજ ચોરી અનેક જગ્યાએથી થાય છે તે જગજાહેર બાબત છે. આવા સ્થળો લગત વિભાગથી અજાણ હોય તેવુ તો બને નહી માટે ક્યારેક ઈન્સ્પેક્શન ક્યારેક ખનીજ ભરેલા વાહન ડીટેઈન કરવા નાના મોટા કેસ કરવા વગેરે છમકલા તો તંત્ર કરે છે કેમકે થોડો કલર બતાવે તો જ ભોગ કોઈ ધરવા લાગે ને? હાલ ખાણખનીજ વિભાગના બે કર્મચારીઓ ખનીજ માફિયાઓને છાવરતાં હોવાની બૂમો ઉઠી રહી છે.

જીલ્લામાં લકઝુરિયસ કારમાં હેન્ડસમ દેખાતો એક શખ્સ અન્ય શખ્સ સાથે ખાનગી કારમાં જીલ્લામાં ખનીજ ચોરી થતા સ્થળે પહોંચી ખનીજ માફિયાઓ પાસેથી દંડની ધમકી આપી મોટા પ્રમાણમાં રૂપિયા ખંખેરી રહ્યા છે ત્યારે આ બંને શખ્સો કોણ..!! કે પછી ખણખણીજ વિભાગના કર્મચારીઓ જ ભ્રષ્ટાચાર આદરી રહ્યા છે, આ બન્ને શખ્સોથી ખનીજ માફિયાઓ પણ તોબા પોકારી ઉઠ્યા છે. આ અંગે જીલ્લા ખાણ ખનીજ અધિકારી અજાણ કે પછી આંખ આડે કાન સહીત તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે. જીલ્લા કલેકટર તપાસ કરાવે તેવી લોકોમાં માંગ પ્રબળ બની છે.

ખાણખનીજ કચેરીમાં ફરજ બજાવતા ચોથા વર્ગના કર્મચારી જ જાણે કચેરીનો કર્તાહર્તા હોય તેમ આ કર્મચારીનો રૂઆબ કોઈ લાટ સાહેબથી કમ નથી તે અરજદારો તેમજ ખનીજ ચોરો પાસેથી ખાસ ''પ્રાઈઝ લીસ્ટ'' મુજબનો ચાંદલો વસુલ કરે છે. અરવલ્લી જીલ્લા ખાણ ખનીજ કચેરી ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગઈ હોય અને વહીવટદારોની બોલબાલા હોવાનું ખુદ ખનીજ માફિયાઓ અહેસાસ અનુભવી રહ્યા છે.

અરવલ્લી જીલ્લા ખાણ ખનીજ કચેરીમાં ફરજ બજાવતો અને જીલ્લા બહારથી અપડાઉન કરતો એક કર્મચારી કચેરીમાં ભલે ગેરહાજર હોય પરંતુ જીલ્લામાં તેની હાજરી જરૂર જોવા મળે છે તેમજ કચેરીના અન્ય એક કર્મચારી અને વહીવટદાર સાથે રાખી જીલ્લામાં ખાનગી કારમાં ઉઘરાણા કરવામાં મશગુલ હોવાનું અને ખનીજ માફિયાઓ પાસેથી રૂપિયા ખંખેરવામાં હથોટી ધરાવતો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. ધનસુરાથી કિશોરપુરા રોડ પર ખેતર અને ખાનગી સ્થળોએ થયેલ ગેરકાયદેસર માટી પૂરણ કામમાં લાખ્ખો રૂપિયાની રોયલ્ટી ચોરી કરી ખનીજ ચોરોએ સરકારી તિજોરીને ચૂનો લગાવ્યો છે ત્યારે આ ગેરકાયદેસર માટી પુરાણ કરનાર શખ્સો પાસેથી પણ ખાણખનીજ વિભાગના એક કર્મચારીના વહીવટદારે મોટાં પ્રમાણમાં ભ્રષ્ટાચાર આદરવામાં આવ્યો હોવાનું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે.

### એસીબીની નજરથી દુર છે, આ કચેરી ?

છેલ્લા ઘણા સમયથી જીલ્લામાં એસીબીએ નોંધપાત્ર કામગીરી કરીને અનેક વિભાગોમા એવી ધાક બેસાડી છે, ઘણા વિભાગોમા કેસ નોંધાય છે તે સમયે થોડો સમય ફફડાટ ફેલાય છે, તેમજ જે-જે કચેરી આજુ બાજુ એસીબી કર્મચારીઓ આંટા ફેરા કરે તેવી લગત કચેરીઓમા પણ ફફડાટ પેસેલો રહે છે પરંતુ ખાણખનીજ ખાતુ એસીબીથી આબાદ બચેલુ રહે છે તેથી ખુબજ આશ્ચર્ય થાય છે.

# અરવલ્લીમાં કોરોનાથી વધુ બેના મોતથી ફફડાટ

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. જિલ્લાના



વિવિધ વિસ્તારોમાંથી કોરોનાના નવા-નવા પોઝીટીવ કેસો પ્રકાશમાં આવી રહ્યા છે. મોડાસા શહેરની સાર્વજનિક હોસ્પિટલના ઓફિસ સુપ્રિટેન્ડેન્ટનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતા આરોગ્ય વિભાગમાં હલચલ મચી છે. હોસ્પિટલ સુપ્રિટેન્ડેન્ટ કોરોનાગ્રસ્ત બનતાં હોસ્પિટલાના તમામ કર્મીઓને ક્વોરેન્ટાઈન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે .આ ઉપરાંત હોસ્પિટલ તેમજ આસપાસના વિસ્તારને પણ સેનેટાઈઝ કરવામાં આવશે. તેમજ સુપ્રિટેન્ડેન્ટના રહેણાંક વિસ્તારને નિયંત્રિત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો છે. જિલ્લામાં અત્યાર સુધી કોરોનાનો આંક ૨૯૬ પર પહોંચ્યો છે ટીંટોઈના વૃદ્ધ અને ભિલોડાના પાલ્લા ગામના આધેડનું કોરોનાથી મોત નિપજતાં જીલ્લામાં સતત બીજા દિવસે કોરોના બે લોકોને ભરખી જતા ૩૯ લોકોના મોત થયા છે.

તો બીજી તરફ ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ કોરોના વાયરસના પોઝીટીવ કેસો નોંધાતા જિલ્લાવાસીઓમાં ફફડાટની લાગણી વ્યાપી છે.

અરવલ્લી જિલ્લા આરોગ્યતંત્રની ઘોર બેદરકારી અને જિલ્લાવાસીઓની નિષ્કાળજીને લઈ જિલ્લામાં કોરોના વાયરસનો પ્રકોપ વધી રહ્યો હોવાની ચર્ચાઓ વચ્ચે છેલ્લા એક પખવાડિયાથી જિલ્લામાં કોરોનાનો કહેર સતત વધવા પામ્યો છે. જીલ્લામાં કોરોનાથી મોત થવાનો સતત બીજા દિવસે સિલસિલો યથાવત રહ્યો હતો, કોરોના વધુ બે લોકોને ભરખી જતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. આરોગ્યતંત્ર સબસલામતીની કેસેટ વગાડી રહ્યું છે બીજીબાજુ કોરોનાનું સંક્રમણ જીલ્લામાં તાંડવ મચાવી રહ્યું છે. મોડાસા તાલુકાના ટીંટોઈ ગામના વૃદ્ધનું હિંમતનગર કોવિડ-૧૯ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે જયારે ભિલોડાના પાલ્લા ગામના આધેડનુ કોરોનાથી મોત નિપજતા બંને મૃતકોની અંતિમવિધિ સરકારની ગાઈડલાઈન મુજબ કરવામાં આવી હતી.

### મોડાસા સાર્વજનિક હોસ્પિટલના ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ કોરોનામાં સપડાયા

# RSM, અરવલ્લીના આહવાનથી શિક્ષકોએ વૃક્ષારોપણ કરી ૪૨૦૦ ગ્રેડ પે મળવાની ખુશી વ્યક્ત કરી



મોડાસા, તા. ૨૨

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાતના સોસિયલ મિડિયા આંદોલનને પગલે ૪૨૦૦ ગ્રેડ પે નો સુખદ ઉકેલ આવતાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, અરવલ્લી દ્વારા મોં મીઠું કરી અને ખુશી વ્યક્ત કરવામાં આવી હતી.

સાથે સાથે પર્યાવરણની જાળવણીના ભાગરૂપે શિક્ષકો વૃક્ષારોપણ કરે એવું રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, અરવલ્લી દ્વારા આહવાન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે અરવલ્લી જિલ્લામાં મોટી સંખ્યામાં શિક્ષકોએ ૪૨૦૦ ગ્રેડ પે મળવાનો આનંદ વૃક્ષારોપણ કરી વ્યક્ત કર્યો હતો.

ઉ.ગુ. યુનિવર્સિટી શૈક્ષિક સંઘ, ઉચ્ચ શિક્ષણના મહામંત્રી જગદીશભાઈ પ્રજાપતિ અને જિલ્લા પ્રમુખ મિનેષભાઈ પટેલ, ઉપપ્રમુખ પ્રજ્ઞેશભાઈ શર્મા એ શિક્ષકોની આ પર્યાવરણ પ્રત્યેની ફરજભાવનાને બિરદાવી હતી.

## ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા)

# ફાયરીંગ બટ વિસ્તારમાં ૨૪ જુલાઈ સુધી પ્રવેશ પર પ્રતિબંધ

ભિલોડા, તા. ૨૨

ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ગામના સ.નં.૪૮/બ/૨ માં ફાયરીંગ બટ આવેલો છે. સદર બટમાં સાબરકાંઠા-હિંમતનગર જિલ્લામા ફરજ બજાવતા QRT/SOG પોલીસ કર્મચારીઓનું વર્ષ-૨૦૨૦નું અર્ધ વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટિસ કરવાની હોઈ પોલીસ અધિક્ષકશ્રી અરવલ્લી મોડાસાએ તા.૧૩-૭-૨૦૨૦ના પત્રથી મંજુરી આપેલ છે. પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા-હિંમતનગરના તા.૧૪-૭-૨૦૨૦ના પત્રથી આ બટ વિસ્તારની હદમાં રહેતા આજુબાજુનાં પ્રજાજનોની સલામતી જાળવવા માટે સન.૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમન અન્વયે તા.૨૧-૭-૨૦૨૦થી તા. ૨૪-૭-૨૦૨૦ સુધી અમલમાં રહે તે રીતે. અમૃતેશ ઔરંગાબાદકર આઈ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪)થી મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ખાતેના બટ ઉપર પોલીસ અધિકારીશ્રી, સાબરકાંઠા-હિંમતનગર જિલ્લામા ફરજ બજાવતા ઊઈ/જીય પોલીસ કર્મચારીઓનું વર્ષ-૨૦૨૦ નું અર્ધ વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટિસ કરવાની હોઈ ઉક્ત બટ વિસ્તારની આજુબાજુની વ્યકિતઓએ ઉપરોકત જમીનની આજુબાજુ ૧.૬ કી.મી.ની ત્રિજ્યાના વિસ્તારમાં તા.૨૧-૭-૨૦૨૦ થી તા. ૨૪-૭-૨૦૨૦ સુધી સવારના ૭ કલાકથી સાંજના ૧૮ કલાક સુધી પ્રવેશ કરવો નહિં તથા ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર ઢાંકર લઈને પ્રવેશ કરવો કે કરાવવો નહી.

આમુખ-ઉમાં દર્શાવેલ ભારત સરકાર તથા આમુખ-૪માં દર્શાવેલ ગુજરાત સરકારશ્રીના જાહેરનામાનો ચુસ્તપણે પાલન કરવાનો રહેશે. ફાયરીંગ બટ ખાતે તમામ અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓએ સોશ્યલ ડીસ્ટન્સ જાળવવાનું રહેશે તથા માસ્ક અને સેનિટાઈઝરનો ઉપયોગ કરવાનો રહેશે. આ જાહેરનામાનાનો ભંગ કરનાર ઉકત અધિનીયમ કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# પ્રાંતિજ સહિત તાલુકામાં જિલ્લા સમાહર્તા સી.જે. પટેલ દ્વારા કન્ટેઈનમેન્ટ ઝોનની મુલાકાત લીધી

### કોરોનાને લઈને પ્રાંતિજમાં વધુ બે ના મોત : નગરજનોને માસ્ક વગર બહાર ના નિકળવા કરી અપીલ



પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં જિલ્લાના સમાહર્તા સી.જે. પટેલ દ્વારા સરકાર દ્વારા કરવામાં આવેલ કન્ટેઈનમેન્ટ ઝોનની મુલાકાત લીધી હતી. મીડિયા દ્વારા ગોપીનાથ સોસાયટી ગેટ નંબર-૨ આગળ વેચવામાં આવતાં દેશી દારૂના વેચાણ અંગે પુછતા જીલ્લા સમાહર્તાએ જણાવ્યુ કે એસ.પી. જોડે ચર્ચા કરી કાર્યવાહી કરવામાં આવશે.

હાલ કોરોનાની મહામારીને લઈને દેશ સહિત વિદેશોમાં હજુ કોરોનાનું ગ્રહણ યથાવત છે ત્યારે ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લામાં પણ કોરોનાનું ગ્રહણ લાગ્યું છે જેમાં સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોના પોઝીટીવ કેસોનો આક ૩૨૮ પહોચ્યો છે. સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં પણ કોરોનાનો કહેર યથાવત છે અને પ્રાંતિજ સહિત તાલુકામાં પણ કોરોના પોઝીટીવ કેસોમાં દિનપ્રતિ દિન વધતા જતા કોરોનાના કેસોને લઈને ચિન્તા પણ વધી છે. ગોપીનાથ સોસાયટીમાં રહેતા શર્મા રાજુભાઈ રમણલાલ ઉ.વર્ષ ૫૦ તેવોનુ પણ ગાંધીનગર ખાતે સારવાર દરમ્યાન મોત નિપજ્યું છે. પ્રાંતિજ પીએચસીમાં લેબ ટેકનીશીયન તરીકે ફરજ બજાવતા મનોજકુમારનું પણ સારવાર દરમ્યાન મોત નિપજ્યું છે. પ્રાંતિજના કન્ટેઈનમેન્ટ ઝોનની આજે જિલ્લા સમાહર્તા સી.જે. પટેલે પ્રાંતિજની જનતા સોસાયટી કન્ટેઈનમેન્ટ ઝોન અને પીલુદા ખાતે આવેલ કન્ટેઈનમેન્ટ ઝોનની મુલાકાત લીધી હતી. પ્રાંતિજ સહિત તાલુકાના જિલ્લાના લોકોને સમાહર્તા દ્વારા કામ વગર બહાર ના જવા અને બહાર નીકળો ત્યારે ફરજીયાત માસ્ક પહેરવા તથા ચેપ લાગે તેવી જગ્યાએ જવાનુ ટાળો, શ્રાવણ માસમાં ઘરે રહીને પુજા કરો જીલ્લાના લોકોને જણાવ્યુ હતું. પ્રાંતિજ ગોપીનાથ સોસાયટી ગેટ નંબર-૨ પ્રાંતિજ પોલીસ ચોકીની પાછળ જાહેરમાં વેચાતા દેશી દારૂના વેચાણ અંગે પુછતા જીલ્લા સમાહર્તા સી.જે. પટેલે જણાવ્યું કે આ અંગે હું એસપી જોડે ચર્ચા કરીશ અને લાગતા વળગતાઓ સાથે કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાયું હતું. પ્રાંતિજ-તલોદના પ્રાન્ત અધિકારી સોનલબા પઢેરીયા, પ્રાંતિજ મામલતદાર એચ.પી. ભગોરા, તાલુકા હેલ્થ ઓફિસ આર.કે. યાદવ, ડાં.ચંદાબેન પરમાર, નાયબ મામલતદાર દિગવિજયસિંહ, સર્કલ મામલતદાર ભરતભાઈ પુરોહિત, નગરપાલિકાના ચીફ ઓફિસર આકાશભાઈ પટેલ, પ્રાંતિજ મહિલા પીએસઆઈ એ.બી. મિસ્ત્રી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દૂધ સાગર ડેરીના ઘીમાં ભેળસેળ નહીં હોવાની સ્પષ્ટતા

મહેસાણા, તા. ૨૨

મહેસાણા ખાતેની દૂધસાગર ડેરીના ઘીમાં ભેળસેળ થતો હોવાના અહેવાલોના પગલે આજે ડેરીના ઉપાધ્યક્ષ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી. તેમણે રાજકીય રાગદ્વેષ રાખીને નિયામક મંડળને બદનામ કરવામાં આવતો હોવાના આક્ષેપો કર્યા હતા. જ્યારે ડીરના ઘીના પરીક્ષણમાં સહેજે ભેળસેળ નહીં હોવાનો રીપોર્ટ આપ્યો હોવાનું જણાવ્યું હતું.

ગુજરાત મિલ્ક ફેડરેશન દ્વારા મહોણાની દૂધ સાગર ડેરીના ઘીમાં પામઓઈલનુ ૧૭ ટકા ભેળસેળ હોવાની તાકીદ કરી સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેના સર્જાયેલા વિવાદ અંગે આજે ડેરીના વીસ ચેરમેન મોંઘજીભાઈ ચૌધરીએ કહ્યું હતું કે ફેડરેશન દ્વારા લેવાયેલ સેમ્પલના રીપોર્ટમાં ૫૦ ટકા ઓકે અને ૫૦ ટકા નોન ઓકે રીપોર્ટ આવેલો છે. જ્યારે રાજસ્થાનથી આવી રહેલા ઘીના ટેન્કરમાં ભેળસેળ થાયતે પહેલાં ત્યાની પોલીસે કાર્યવાહી કરી છે. જેમાં તપાસ બાદ જેની જવાબદારી નક્કી થશે. તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં તેમણે ઉમેર્યુ હતુ કે આગામી નવેમ્બરમાં ડેરીના નિયામક મંડળની ચૂંટણી યોજવાની તૈયારીઓ કરવામાં આવી રહી હતી. પરંતુ કલેક્ટર દ્વારા આ ચૂંટણી મોકૂફ રાખવાનો આદેશ કર્યો છે. આ નિર્ણય રાજકીય પ્રેરીત હોવાનું જણાવી કહ્યુ હતુ કે અન્ય ડેરીઓની ચૂંટણી યોગ્ય સમયે થનાર છે. ત્યારે મહેસાણા દૂધ સાગર ડેરીના નિયામક મંડળની ચૂંટણી નિયત સમયે કરવાની મંજૂરી નહી મળે તો કોર્ટનો આસરો લેવામાં આવશે.

# વિદેશી દારૂ સહિત ૪૮૫૦૦ રૂપિયાના મુદ્દામાલ સાથે એક શખ્સને દબોચતી માલપુર પોલીસ

### મોટરસાયકલ પર દારૂની હેરાફેરી કરતો રંગેહાથ દબોચી લીધો



અરવલ્લી જિલ્લાના માલપુર પોલીસ હદમાં એક શખ્સને મોટરસાયકલ પર દેશી વિદેશી દારૂની હેરાફેરી કરતો રંગેહાથ દબોચી લીધો છે.

પ્રાપ્ત માહિતી મુજબ માલપુર પીએસઆઈ એન.એમ. સોલંકી તથા સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે બજાજ પલ્સર બાઈક નંબર. જીજે-૨૭એકે-૫૪૩૬નો ચાલક દેશી વિદેશી દારૂની હેરાફેરી કરે છે તેવી બાતમીના આધારે ડબારણ ગામ આવવાના રસ્તા પર વૉચ રાખીને ઉભા હતા, ત્યારે આરોપી બુટલેગર પ્રવિણભાઈ ઉર્ફે પરમભાઈ વાલાભાઈ ડામોર ઉ. વ. ૩૯, રહે. લીંબોદરા, તા. મેઘરજ. જી.અરવલ્લી વિદેશી દારૂ, બિયર અને દેશી મદિરા (રાજસ્થાન) તથા મોટરસાયકલ મળી કુલ રૂપિયા ૪૮,૫૦૦ના મુદ્દામાલ સાથે દબોચી તેની સામે પ્રોહી એક્ટની કલમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




કોરોના મહામારી માં પંજાબ નેશનલ બેક હિંમતનગર ના મેનેજર વી.એમ.ચૌહાણ દ્વારા જરૂરિયાતમંદોને માસ્ક સહિત ની કિટ્સ સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારી ડો. રાજેન્દ્ર પટેલ ને અર્પણ કરવામાં આવી હતી.

# હિંમતનગરની ખાણ-ખનીજની કચેરીમાંથી સ્ટેમ્પ ચોરાયા

### ૧૮ દિવસ અગાઉ એક અજાણ્યા શખ્સે પરવાનગી વગર કચેરીમાં દાખલ થઈને ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં છપાયેલા છ પ્લાસ્ટીકના સ્ટેમ્પની ચોરી થયાની ફરીયાદ લાંબા સમય બાદ હિંમતનગર બી-ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ

હિંમતનગર, તા. ૨૨

હિંમતનગર કલેક્ટર કચેરી કેમ્પસમાં આવેલ ખાણખનીજની કચેરીમાંથી ૧૮ દિવસ અગાઉ એક અજાણ્યા શખ્સે પરવાનગી વગર કચેરીમાં દાખલ થઈને ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં છપાયેલા છ પ્લાસ્ટીકના સ્ટેમ્પની ચોરી થયાની ફરીયાદ લાંબા સમય બાદ હિંમતનગર બીડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. જે ખુબજ સુચક અને શંકાસ્પદ હોવાની ચાડી ખાય છે. આ અંગે ખાણખનીજ કચેરીમાં ફરજ બજાવતા મીલીન રજનીકાંતભાઈ વ્યાસે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૪ જુલાઈના રોજ સાંજના સુમારે કોઈક અજાણ્યા શખ્સે કચેરીમાં પ્રવેશ કરીને ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં છપાવેલા છ પ્લાસ્ટીકના ઉપયોગી સ્ટેમ્પની ચોરી કરી લઈ ગયો છે. ફરીયાદમાં જણાવાયા મુજબ ચોરી કરનાર આ શખ્સ અંદાજે ૨૫ થી ૩૦ વર્ષનો હોવાનું જણાય છે.

તો બીજી તરફ પ્રશ્ન એ થાય છે કે સરકાર માટે કમાઉ દિકરા સમાન આ ખાણખનીજની કચેરીમાંથી ઉપયોગી એવા સ્ટેમ્પની ચોરીની ઘટના ખુબજ ચિંતા ઉપજાવે છે. એટલુ જ નહી પણ ૧૮ દિવસ બાદ ચોરીની ફરીયાદ કેમ નોંધાઈ તે સમજાતુ નથી પરંતુ લોક ચર્ચા મુજબ કેટલાક જાણકારોના મળતીયાઓએ આવુ સાહસ કર્યુ હોય તો નવાઈ નહી. તથા આટલા દિવસોમાં સ્ટેમ્પની ચોરી કરનાર શખ્સે તેનો ખોટી રીતે ઉપયોગ કરીને કેટલાક પાસ પરમીટ પણ બનાવી દીધા હોવાની શક્યતા નકારી શકાતી નથી.

આમેય ખાણખનીજ કચેરીમાં રોજબરોજ જે લોકો અવરજવર કરે છે અને અધિકારીઓ તથા કર્મચારીઓ સાથે ઘરેબી કેળવતા હોવાની છાપ ઉપસી રહી છે. ત્યારે તેમાં કચેરીના અથવા તો ખાણખનીજની લીઝ ધરાવતા ઈજારદારના કોઈક વિશ્વાસુએ લાલચમાં આવી જઈને સ્ટમ્પની ચોરી કરી હોય તો નવાઈ નહીં. એટલું જ નહી પણ ખાણખનીજની કચેરીમાં લગાવેયાલા સીસીટીવી કેમેરાના કુટેજના અભ્યાસ બાદ આટલા દિવસ પછી ગડમથલને અંતે કેમ પોલીસ ફરીયાદ થઈ તે ખુબજ સુચક મનાઈ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે ખાણખનીજ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની તમામ હિલચાલ પર કેટલાક ઈજારદારોના બાતમીદારો સતત નજર રાખવા માટે કચેરીની બહાર અને મુખ્ય પ્રવેશ દ્વાર પર ઉભા રહે છે અને કોઈપણ હિલચાલ થાય તો ગણતરીના સમયમાં જે તમના લાગતા વળગતાઓને તમામ માહિતીથી વાકેફ કરી દેવાનો સિલસિલો વર્ષોથી ચાલ્યો આવે છે. પરંતુ કોઈ જાંબાઝ અધિકારી આ માહિતી સેતુને ભેદી શક્યા નથી જેના લીધે સરકારને રોજબરોજ કરોડો રૂપીયાનું નુકશાન થાય છે. જ્યારે પણ દરોડા પાડવામાં આવે ત્યારે માત્ર નામ પુરતી કાર્યવાહી થઈ હોવાના બનાવો ભૂતકાળમાં બન્યા છે.

# લ્યો સાંભળો : હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશન આગળથી ૬૧ હજારનો દારૂ પકડાયો

### પોલીસે રાજસ્થાનના ત્રણ શખ્સોની અટકાયત કરી

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લામાં વહિવટીતંત્ર અને પોલીસતંત્ર દારૂબંધીની ભલે વાતો કરતી હોય પણ હકિકતમાં પોલીસના કેટલાક મળતીયાઓના લીધે અનેક સ્થળેથી વાહનોમાં દારૂની હેરાફેરી થઈ રહી છે. જેનો તાદ્રશ્ય નમુનો બુધવારે સવારે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશન વિસ્તારમાં જોવા મળ્યો છે. જેમાં કરાયેલા દાવા મુજબ પોલીસને બાતમીને આધારે ગ્રામ્ય પોલીસ સ્ટેશન આગળથી પસાર થતી એક કારમાંથી અંદાજે રૂ. ૬૧ હજારથી વધુના દારૂના જથ્થા સાથે ત્રણ જણાને ઝડપી લેવામાં આવ્યા છે.

આ અંગે ગ્રામ્ય પોલીસના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ તેમનો સ્ટાફ બુધવારે સવારે ઈડર બાયપાસ પર પેટ્રોલીંગમાં હતી ત્યારે એક લકઝરીયસ કારમાં કેટલાક ઈસમો પાસ પરમીટ વિના દારૂનો જથ્થો લઈને આવી રહ્યા છે. જે આધારે પોલીસે વોચ ગોઠવી દીધી હતી. દરમિયાન અહીંથી પસાર થતી કાર નં. જીજે.૦૧.કેડી.૩૭૭૩ સંકાસ્પદ જણાતા તેને ઉભી રખાવવાનો ઈસારો કર્યો હતો. પરંતુ કારના ચાલકે કારને ઈડર બાયપાસ રોડ પર થઈ આરટીઓ સર્કલ તરફ દોડાવી મુકી હતી. જેથી પોલીસે તરત જ તેનો પીછો કર્યો હતો અને આ દારૂ ભરેલી કારને ગ્રામ્ય પોલીસ સ્ટેશન નજીકથી પસાર થતા રોડ પર બનાવેલ બમ્પ પાસેથી ઝડપી લીધી હતી.

ત્યારબાદ પોલીસે કારની તલાશી લેતા તેમાંથી અંદાજે રૂ. ૬૧ હજારથી વધુની કિંમતનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો અને પોલીસે કારના ચાલક વિરેન્દ્રસિંહ રામસિંહ રાઠોડ (રહે. ખેડા, વલ્લભનગર, જિ. ઉદેપુર) હોવાનું જણાવ્યું હતું. ઉપરાંત કારમાં બેઠેલા અન્ય વ્યક્તિઓ પૈકી એકે પોતાનુ નામ પ્રતાપસિંહ ફતેસિંહ રાઠોડ (રહે. બસ્સી, જિ. ઉદેપુર) તથા અન્ય એક ઈસમનું નામ ભંવરસિંહ ગુલાબસિંહ રાઠોડ (રહે. બસ્સી, જિ. ઉદેપુર) ના રહીશ હોવાનું કબુલ્યા બાદ પોલીસે કારના ગુપ્ત ખાનામાંથી દારૂનો જથ્થો, ત્રણ મોબાઈલ કબ્જે લીધા હતા અને અંદાજે રૂ. ૫.૭૨ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે લઈ પકડાયેલા ત્રણેય જણા વિરૂદ્ધ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશન એક્ટ અંતર્ગત ગુનો નોંધીને અટકાયત કર્યા બાદ આગળની તપાસ હાથ ધરી છે.

# આજથી ધાનેરા પણ સવારે સાત વાગ્યાથી બપોરના ચાર વાગ્યા સુધી જ ખુલ્લું રહેશે



કોરોના વાયરસનું સંક્રમણ દિનપ્રતિદિન વધી રહ્યો છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર અને ડીસામાં કઈ અનેક તાલુકામાં સવારે સાત વાગ્યાથી બપોરના ચાર વાગ્યા સુધી ધંધા-રોજગાર ચાલુ રાખવા માટેનો નિર્ણય લેવામાં આવે છે ત્યારે આજે અન્ય તાલુકાનું સાથે ધાનેરામાં પણ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં વેપારીઓએ મિટિંગ કરી હતી અને આ મિટિંગમાં સ્વયંભૂ નિર્ણય લેવામાં આવ્યો હતો કે દરેક વેપારી પોતાનો ધંધો રોજગાર સવારે સાત વાગ્યે લઈ અને બપોરના ચાર વાગ્યા સુધી ચાલુ રાખજે અને ચાર વાગ્યા બાદ તમામ ધંધા-રોજગાર બંધ કરી સ્વયંભૂ બંધ થશે જેથી કરીને કોરોના નું સંક્રમણ પણ અટકાવી શકાય આભાર - નિહારીકા રવિયા